# જાગૃતિ સંદેશ

Price : 5/-
Total Page : 24

Monthly

JAGRUTI SANDESH


Vol - 21 Issue No. 4-5 Mumbai April-May Combine Issue 2021



## હમ હોંગે કામયાબ એક દિન...

# ત્રીજી પૂણ્યતિથીએ શ્રદ્ધાસુમન

## અમારા પથદર્શક અને વડલા સમાન મોભી





**શ્રી જેઠાલાલ ખેંગાર મોરબિયા**

દેહ પરિવર્તન : ૨૧ મે, ૨૦૧૮

'જેઠાલાલ ખેંગાર મોરબિયા ચોક'ના નામકરણ અવસરે
સમાજના મોભીઓ સાથે મોરબિયા પરિવાર.

'મોરબિયા પરિવાર'ના મોભી અને સમાજના હિતચિંતક
શ્રી જેઠાલાલભાઈ મોરબિયા પોતાનું સમગ્ર જીવન સાહજિક રીતે જીવ્યાં.
જીવનને તો એમણે ઉજાળ્યું જ હતું, પણ મૃત્યુને પણ મહાન બનાવ્યું.
જીવનના છેલ્લાં શ્વાસ સુધી ભગવાન મહાવીરે ચિંધેલા માર્ગને
આત્મસાત કરીને સાત્વિક જીવન જીવ્યાં. અલ્પ બોલવું...અને ચહેરા પર સદાય
લહેરાતું સ્મીત એમની ઓળખ...વતનમાં અનેક વર્ષથી 'ભોજનશાળા' અને
'કન્યા છાત્રાલય'માં સારૂં એવું અનુદાન આપતા રહ્યાં. દરેક સંજોગોને અનુકૂળ
બનીને સહજતાથી પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં તેમનો જોટો ન જડે.
પરિવારના સભ્યો તથા વ્યવસાય થકી તેમની સાથે સંકળાયેલા લોકો પણ નાની–મોટી
મુંઝવણ તેમની સામે રજુ કરે તો, કૂનેહપૂર્વક તેનું નિરાકરણ લાવી આપીને,
સહુનો સ્નેહ જીતી લેતાં. અંતરમાં રહેલી કરૂણા અને અનુકંપા એવી કે સમાજસેવાના
કાર્યો કરે, પણ મૌન રહીને ! તેમના દેહવિલય બાદ તેમની સેવાઓની કદરરૂપે
પોલિસ હોકી ગ્રાઉન્ડ પાસેના ચોકનું નામકરણ
'જેઠાલાલ મોરબિયા ચોક' તરીકે કરવામાં આવ્યું.

**તેમની ત્રીજી પૂણ્યતિથીએ નતમસ્તકે વંદન કરીએ છીએ.**

**તેઓના ચિંધેલા માર્ગે ચાલીને અમો તેમની ઉપસ્થિતિનો અનુભવ સતત કરીએ છીએ !**

**''આપે રચેલા વૃંદાવનને અમે સદાય મહેકતો રાખીશું''**

Ramesh Stone Supply Co
Construction Material Suppliers

F 103, Eastern Business District,
LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.
Tel. : 2594 1692 / 2594 0140 / 2594 0155

Ad Art

## જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

### જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, ગરવારે પૉલિસ્ટરની નજીક, એક્સિસ બૅન્કની ઉપર વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.
ફોનઃ ૦૨૨-૬૬૯૭૩૦૩૮/૦૨૨-૬૬૯૫૬૬૯૯
Website: www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : શ્રી ચંદ્રકાંત એફ. શાહ



**કૅબિનેટ કમિટી ૨૦૨૦-૨૦૨૧**

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી વિનોદ એ. જૈન |
| સેક્રેટરી જનરલ | : શ્રી જયંતીભાઈ કે. છાડવા |
| સેક્રેટરી | : શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી અનિલ જી. દોશી |
| | શ્રી મીતેષ એમ. અંબાવી |
| | શ્રી ભાવિન જે શાહ |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| ખજાનચી | : શ્રી રાજેશ આર. ભણસાલી |
| | : શ્રી પ્રફુલ પી મહેતા |
| તંત્રી | : શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી**

| | |
|---|---|
| ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન/અનુદાન ટ્રસ્ટી | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચૅરમૅન / ટ્રસ્ટી | : શ્રી રમેશ જે. મોરબિયા |
| વાઈસ ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી / કાયમી ટ્રસ્ટી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| સેક્રેટરી / ટ્રસ્ટી | : શ્રી અમિત ડી. કોઠારી |
| ખજાનચી / ટ્રસ્ટી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

(અનુદાન ટ્રસ્ટી)
શ્રી પ્રવીણ જી. શાહ, શ્રી કમલેશ સી. શાહ

કાયમી ટ્રસ્ટી :

| | |
|---|---|
| શ્રી હર્ષદ જે. ગાંધી | શ્રી અનિલ જી. દોશી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી રાજેશ આર. ભણસાલી |

(ટ્રસ્ટી)

| | |
|---|---|
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી શૈલેષ ડી. શાહ |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી ધર્મેશ એસ. જૈન |

શ્રી ચંદ્રકાંત એફ. શાહ

આમંત્રિત

| | |
|---|---|
| શ્રી દિનેશ વ્હી. શાહ | શ્રી કીર્તિ કે. શાહ |
| શ્રી કિરણ એચ. શાહ | શ્રી મુકેશ સી. શાહ |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી મહેંદ્ર પી. શાહ |
| શ્રી ઉદય ડી. સંઘવી | શ્રી રમેશ જી. લાખાણી |

**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**


**છૂટક મૂલ્ય રૂ.૫/- વાર્ષિક લવાજમ રૂ.૫૦/-**

## Message From The CHAIRMAN.....



**મારા સ્નેહાળ મિત્રો, ભાઈઓ તથા બહેનો - બાળકો,**

મૈને યે કબ કહા કે મેરે હક મેં હો જવાબ,
લેકિન ખામોશ ક્યૂં હૈ તૂ, કોઈ ફૈસલા તો દે.

આપણા દરેકની જિંદગીમાં ક્યારેક અવઢવ કે અસમંજસની સ્થિતિ પેદા થતી હોય છે. ક્યારેક એવી સ્થિતિનું પણ નિર્માણ થતું હોય છે કે, હા પાડીએ તો હાથ કપાય અને ના પાડીએ તો નાક કપાય. સામે બે રસ્તા હોય ત્યારે બેમાંથી એક રસ્તો પસંદ કરવો પડતો હોય છે. ટુ ડુ ઓર નોટ ટુ ડુ જેવું ક્યારેક તો થવાનું જ છે. ગમે એવી અઘરી પરિસ્થિતિ હોય, ગમે એવા કપરાં સંજોગો હોય, એક તબક્કે આપણે નિર્ણય પર આવવું પડતું હોય છે. આપણે હંમેશ માટે આંખ મીંચીને ન બેસી શકીએ. વહેલી કે મોડી આંખો ખોલવી પડતી હોય છે, સામનો કરવો પડતો હોય છે. દરેક વખતે પરિસ્થિતિથી ભાગી શકાતું નથી. ભાગી-ભાગીને કેટલું ભાગવાના? ભાગીને પણ ક્યાં જવાના? ભાગીને જો પાછા હતા ત્યાં ને ત્યાં જ આવવાનું હોય તો બહેતર એ છે કે, ભાગ્યા વગર જ સંજોગોનો સામનો કરવો. આપણે ઘણી વખત કોઈ વાત ટાળવા માટે કે કોઈ વાતથી બચવા માટે સરળ, સહેલા અને ટૂંકા રસ્તા શોધતાં હોઈએ છીએ. મોટા ભાગે જે રસ્તા સરળ લાગતા હોય છે એ ક્યાંય જતા હોતા નથી.

આપણે ક્યારેક આપણને જ છેતરતાં હોઈએ છીએ. બધું સારું થઈ જશે. ઘણું બધું સમય પર છોડી દેતાં હોઈએ છીએ. સમય આપોઆપ બધું ઠીક કરી દેશે. સમય દરેક સવાલના જવાબ આપતો નથી. અમુક સવાલોના જવાબ આપણે પોતે જ શોધવા પડતા હોય છે. મોડું કરીએ તો ઘણી વાર સવાલો વધતા જ જાય છે. અંગ્રેજીમાં એક કહેવત છે, 'અ સ્ટિચ ઈન ટાઈમ સેવ્સ નાઈન.' સમયસરનો એક ટાંકો નવ ટાંકાને બચાવે છે. કપડું જરાક ફાટે ત્યારે તરત જ એક ટાંકો લઈ લો, નહીંતર કપડું વધારે ફાટશે અને નવ ટાંકા લેવા પડશે. નિર્ણય મુલતવી રાખવાથી ક્યારેક નિર્ણય વધુ અઘરો બની જાય છે. અમુક હદથી વધારે વિચારો પણ મુસીબત ઊભી કરે છે. કોઈ એક બાબત ઉપર કરવો જોઈએ એટલો જ વિચાર કરીને એના ઉપર પૂર્ણવિરામ મૂકી દેવું જોઈએ. આપણે એવું કહેતાં અને સાંભળતાં આવ્યાં છીએ કે, 'હવે બહુ ખેંચ નહીં, જે કરવું હોય એ કરી

નાખ!' ઉતાવળિયો નિર્ણય જેટલો જોખમી છે, એટલો જ ખતરનાક મોડો નિર્ણય છે. આપણે ઘણી વખત નિર્ણય કરવાની પણ 'ડેડલાઈન' નક્કી કરવી પડતી હોય છે. 'હું તને કાલે ફાઈનલ કહી દઈશ,' એવું કહ્યા પછી મોડું કરવાનો કોઈ મતલબ રહેતો નથી. કોઈ ડિસિઝન લઈ શકતું ન હોય એવા કિસ્સામાં આપણે જ એવું કહેતાં હોઈએ છીએ કે, 'તું કાલ સાંજ સુધીમાં કંઈ જવાબ નહીં આપે તો હું ના સમજી લઈશ!'

આપણી હા કે ના જ્યારે આપણા લોકો માટે મહત્ત્વની હોય ત્યારે જવાબ આપવામાં એક હદથી વધુ સમય લેવો ન જોઈએ. અમુક લોકો 'હું વિચારીને કહું છું.' એવું કહીને વાત લટકતી રાખે છે. એક યુવાનની આ વાત છે. કંઈ વાત હોય તો એ પિતાને પૂછે. પિતા દર વખતે એવું કહે કે, 'મને વિચારવા દે, હું નક્કી કરીને કહીશ.' એ પછી કંઈ જવાબ જ ન મળે. ધીમે ધીમે થયું એવું કે, દીકરાએ પૂછવાનું જ બંધ કરી દીધું. પિતાએ એક વખત કહ્યું કે, 'હવે તું કંઈ પૂછતોય નથી, બધું તારી રીતે કરવા લાગ્યો છે.' દીકરાએ સારા શબ્દોમાં કહ્યું કે, 'તમે ફટ દઈને કંઈ જવાબ જ ક્યાં આપો છો? મારે ક્યાં સુધી રાહ જોવાની? તમે કંઈક કહો તો ખબર પડે ને!' આપણે કેવા નિર્ણયો આપીએ છીએ એની સાથે કેટલા ઝડપી નિર્ણયો આપીએ છીએ એ પણ મહત્ત્વનું હોય છે. ઘણા લોકો એ દ્વિધામાં પણ હોય છે કે, 'ના પાડીશ અને એવું પૂછશે કે, શું કામ ના પાડો છો તો હું શું જવાબ દઈશ?' દર વખતે માત્ર હા કે ના થી પણ ચાલતું હોતું નથી, કારણો આપવા પડતા હોય છે. કારણ આપવામાં પણ આપણને સવાલો થતાં હોય છે. એ એવું માનશે તો કે તમે આવા વાહિયાત કારણોસર ના પાડો છો? માણસને આઉટડેટેડ કે ઓર્થોડોક્સ લાગવાનો ભય સતાવતો હોય છે. ઓર્થોડોક્સ હોય એને પણ ઓર્થોડોક્સ દેખાવવું નથી ગમતું. એક સાવ સાચી ઘટના છે. એક દીકરીને એના પિતા શોર્ટ્સ પહેરવાની ના પાડતા હતા. દીકરીએ એક વખત સારી ભાષામાં પૂછ્યું કે, 'તમે મને શોર્ટ પહેરવાની ના શા માટે પાડો છો? આખા ગામની છોકરીઓ પહેરે છે.' પિતાએ કહ્યું, 'બીજા કરે એટલે આપણે કરવાનું?' દીકરીએ કહ્યું, 'તમે જૂનવાણી છો, ઓર્થોડોક્સ છો, તમારા જમાનામાં છોકરીઓ શોર્ટ્સ નહોતી પહેરતી એટલે તમે મને પણ પહેરવા દેતા નથી!' પિતાએ બચાવમાં કહ્યું, 'ના, હું ઓર્થોડોક્સ નથી, બસ, મને નથી ગમતું!' દીકરીએ કહ્યું, 'એના કરતાં તમે મને એમ કહી દીધું હોત ને કે, હા, હું ઓર્થોડોક્સ છું, મારા વિચારો જૂનવાણી છે, તો મને વધું સારું લાગત!' દીકરીએ કહ્યું, 'મારી ઘણી એવી ફ્રેન્ડ છે જે ઘરેથી શોર્ટ અને ટીશર્ટ ઉપર ફૂલ ડ્રેસ પહેરીને નીકળે છે અને પછી મોલના વોશરૂમમાં જઈ ઉપરનો ડ્રેસ કાઢી નાખે છે.' ઘણા લોકો કારણ ન આપવા પડે એટલે જ એવું કહે છે કે, ના કહીને, ના એટલે ના, મારે તને કારણો આપવાની કોઈ જરૂર નથી.!

પ્રેમમાં જ્યારે હા કે ના નો જવાબ ન મળે ત્યારની મૂંઝવણ ખૂબ જ વિચિત્ર અને અકળાવનારી હોય છે. એક યુવાને એક છોકરીને પ્રપોઝ કર્યું. બંને વચ્ચે બે વર્ષથી દોસ્તી હતી. છોકરીએ કહ્યું, 'મને થોડોક સમય જોઈએ છે.' છોકરાએ કહ્યું, 'ફાઈન, તું મને વિચારીને કહેજે.' ઘણો સમય થયો તો પણ છોકરીએ કંઈ જવાબ ન આપ્યો. આખરે છોકરાએ એક દિવસ કહ્યું કે, 'તું હા કહે અથવા ના કહે, પણ કંઈક તો બોલ!' છોકરીએ તો પણ કંઈ જવાબ ન આપ્યો. એ છોકરીએ તેની એક ફ્રેન્ડને બધી વાત કરી. એની ફ્રેન્ડે કહ્યું કે, 'એની વાત સાચી છે. તું વિચારતી હોય એ જવાબ આપી દે! તું એને બે વર્ષથી ઓળખે છે. જો તારી ના હોય તો તો અત્યાર સુધી એની સાથે સંબંધ શા માટે રાખ્યો? તારી હા હોય, તો હા કહેવામાં વાંધો શું છે? કંઈ જવાબ ન આપીને તું પણ મુંઝાતી રહે છે અને એને પણ મૂંઝવે છે. આપણા સંબંધો વિશે આપણે સ્પષ્ટ હોવા જોઈએ.'

ઓફિસ કે બિઝનેસના કામમાં પણ આપણે નિર્ણયો લઈને યસ કે નો કહેવું પડતું હોય છે. લીડર કેવો છે એ મોટા ભાગે એ શેમાં હા પાડે છે અને શેમાં ના પાડે છે, એના પરથી જ નક્કી થતું હોય છે. ઘણા લીડર એવા હોય છે, જે ફટ દઈને હા કે ના નથી કહેતા. દરેક નિર્ણયમાં એક ઝાટકે હા કે ના કહી શકાતી નથી, પણ દરેક નિર્ણયમાં મોડું કરીએ તો આપણી ટીમના લોકો સમજી જાય છે કે બોસનો ડિસિઝનપાવર બહુ વીક છે. આપણે ગ્રીન સિગ્નલ આપીએ પછી જ

કોઈની ગાડી ચાલે એમ હોય, તો રેડ સિગ્નલ હટાવવામાં મોડું ન કરવું જોઈએ. એક ઑફિસની આ વાત છે. ટીમ જે કામ કરે એ તેના બોસ ઓ.કે. કરે એ પછી જ આગળનું કામ થતું. બોસનો સેકન્ડ મેન હતો એ બોસને પૂછી લેતો. બોસ બહાર હોય, ત્યારે ફોન કે ઈ-મેઈલથી એપ્રૂવલ મેળવી લેતો. એક વખતે એવું થયું કે, એક નિર્ણય લેવાનો હતો. બોસનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો પણ બોસનો ફોન આઉટ ઑફ રીચ બતાવતો હતો. નિર્ણય લેવો જ પડે એમ હતો. બહુ પ્રયાસો પછી પણ બોસનો સંપર્ક થયો નહીં એટલે તેણે પોતાની રીતે જ ડિસિઝન લઈ લીધું. બોસ આવ્યા ત્યારે બોસને બધી વાતની ખબર પડી. તેના સેકન્ડ મેને એવું કહ્યું કે, 'તમે હો તો શું કરો, એ વિચારીને મેં ડિસિઝન લઈ લીધું!' તેના બોસે કહ્યું, 'તેં એવું વિચાર્યું છે તારી જગ્યાએ ઠીક છે, પણ સાચું કહું તો તેં જે વિચાર્યું છે એવું મેં વિચાર્યું ન હોત!' બોસે પછી હસીને કહ્યું, 'તેં મારા કરતાં સારું વિચાર્યું છે. કદાચ હું આ ડિસિઝન તારા જેટલી ઝડપે લઈ શક્યો ન હોત!' જિંદગીમાં નિર્ણય શક્તિનું બહુ મહત્ત્વ હોય છે. આપણા નિર્ણય ઉપર જ આપણી જિંદગીનો અને કરિયરનો આધાર રહે છે. સંબંધો પણ આપણી હા કે નથી દાવ પર લાગી જતાં હોય છે. આપણી હા કે ના જ આપણી સમજણ, આવડત, ડહાપણ અને પરિપક્વતાની સાબિતી આપતાં હોય છે. કોઈ પણ વાત હોય, એટલું મોડું ક્યારેય ન કરવું જોઈએ કે આપણા નિર્ણયનું કોઈ મહત્ત્વ કે જરૂર ન રહે!

છેલ્લો સીનઃ

ક્યારેક વધુ પડતું મૌન પણ જોખમી સાબિત થતું હોય છે.

*લિ. પ્રફુલ વી. કામદાર*

*ચૅરમૅનઃ જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● જેજેસી જુહુ | : | ૫-૨-૨૧ | યુવા સરકાર - ફિલ્મ | ✦ |
| | : | ૭-૨-૨૧ | વિજય ધ માસ્ટર - ફિલ્મ | ✦ |
| | : | ૧૦-૨-૨૧ | વન્ડર વુમન - ફિલ્મ | ✦ |
| | : | ૨૦-૨-૨૧ | આટલી બાટલી ફુટલી - નાટક | ◈ |
| | : | ૨૧-૨-૨૦૨૧ | દયાબેન દોઢ ડાહ્યા - નાટક | ◈ |
| | : | ૯-૩-૨-૨૧ | કાકા કો કુછ કુછ હોતા હૈ - નાટક | ◈ |
| | : | ૧૯-૩-૨-૨૧ | ૨૭ પ્લેબેક સીંગરના ગીતો ૧૯૬૦થી ૨૦૨૦ - ઑર્કેસ્ટ્રા | ◈ |
| ● જેજેસી ઊપલેટા | : | ૩-૩-૨૧ | ધૂળેટી અને ક્રિકેટ ટુર્નામેન્ટ | ★ |
| ● જેજેસી રાપર | : | ૩-૩-૨૧ | ધૂળેટી અને ક્રિકેટ ટુર્નામેન્ટ | ★ |
| ● જેજેસી માંડવી-કચ્છ | : | ૧૪-૧-૨૧ | ઉતરાયણ | ✦ |
| | : | ૨૬-૧-૨૧ | પ્રજાસત્તાક દિન | ✦ |

સંજ્ઞા : જમણ સાથે ★ જમણ વિના ◈ નાસ્તો ✦

**દરેક સેન્ટરના પ્રમુખ તથા સેક્રેટરીને આથી જાણ કરવામાં આવે છે કે દરેક કાર્યક્રમ પત્યા પછી તુરંત જ સર્ક્યુલર તથા ઈ-મેઈલ સેન્ટ્રલ બૉર્ડની ઑફિસમાં પહોંચાડવામાં આવશે તો જ ત્યાર પછીના ઈસ્યૂમાં છાપવામા**

## જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટના દ્વારા નીચેનાં પદાધિકારી તથા સર્વે સેન્ટરોના સેન્ટ્રલ બોર્ડના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે

## JUNE CHARTER DATE

| Sr. No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Sion Matunga | 09-06-1979 | Praful Shah | 9820028905 | Rajesh Gandhi | 9821069989 |
| 2 | Ladies Wing Rajkot | 12-06-2005 | Nila Parekh | 9824293236 | Divya Parekh | 9898024768 |
| 3 | Mundra | 18-06-2005 | Bhupendra Mehta | 9825214599 | Rajan Mehta | 9825072691 |
| 4 | Jamnagar West | 19-06-2011 | Vijay Mehta | 9824897956 | Jayprakash Vora | 9426384121 |
| 5 | Porbander | 19-06-2011 | Ashok Mehta | 9427386063 | Mukesh Parekh | 8238303956 |
| 6 | Deodar | 22-06-2008 | Dinesh Shah | 9427599369 | Hitesh Shah | 9427044481 |
| 7 | Vapi | 28-06-2008 | Nalin Sanghavi | 9825145027 | Jignesh Bhayani | 9824154308 |
| 8 | Ladies Wing Vapi | 28-06-2009 | Sandhya Shah | 9825124202 | Dipika Lalan | 9726250275 |
| 9 | Chennai | 29-06-1997 | Nitin Shah | 9841052151 | Shrejus Kothari | 9962512909 |
| 10 | Kalawad | 29.6.2012 | Praful Mehta | 9998100500 | Jagdish Doshi | 02894-222075 |

## JJC CENTRAL BOARD

| | | |
|---|---|---|
| **Name** | : | **Praful P. Mehta** |
| **Marriage Date** | : | 22-06-1983 |
| **Mobile No.** | : | 9820068297 |
| **Email ID** | : | prafulmehta1@gmail.com |



## શાહ એન્ડ એન્કર કોલેજના ચેરમેનપદે જયંતીભાઈ છાડવાની નિમણૂક

જૈન જાગૃતી સેન્ટર સેન્ટ્રલ બોર્ડના જનરલ સેક્રેટરી જયંતીભાઈ કેશવજી છાડવા (કચ્છ ગામ, મોટી ખાખર, હાલ ચેમ્બુરમા આવેલી જાણીતી શાહ એન્ડ એન્કર એન્જીનિયરિંગ કોલેજના ટ્રસ્ટ બોર્ડમાં ચેરમેનપદે નિમણૂક કરવામાં આવી છે. પિતા કેશવજીભાઈની દોરવણી અને તેમને આપેલા સંસ્કારોથી સિંચાઈને જયંતીભાઈ હાલ અનેક સંસ્થાઓમાં તન-મન અને ધનથી સહયોગ આપી રહ્યા છે. ચેરમન પદે નિયુક્ત થવાથી જેજેસી સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટ તરફથી તેમને ખૂબખૂબ શુભેચ્છાઓ આપવામાં આવી છે.



# જૈન જાગૃતિ સેંટરોની વિવિધ પ્રવૃત્તિઓના સમાચાર

## દાનભાવના અને જૈન ધર્મ

પ્રાતઃકાળનો સૂર્ય પોતાનાં કિરણોનું, વાયુ પોતાના વેગનો, નદી શીતળ જળનો, મેઘ વરસીને જીવસૃષ્ટીને જીવનદાન આપે છે. આમ, પ્રાકૃતિક તત્ત્વોમાં ઉદારતાની ભાવના છલોછલ ભરેલી છે એવીજ ભાવના આપણા જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના ભૂતપૂર્વ વાઈસ ચેરમૅન શ્રી પ્રવિણભાઈ આત્મારામભાઈ શાહના દિલમાં પણ છલોછલ ભરેલી છે.

જીવરાજ હૉસ્પિટલ અમદાવાદમાં શ્રી અનીલભાઈ બકેરીની પ્રેરણા અને શ્રી પ્રવિણભાઈના ધર્મપત્ની શ્રીમતી સરયુબેનની પ્રેરણાથી સાધારણ સ્થિતિની સ્ત્રીઓને સ્ત્રી રોગમાં સારી ટ્રિટમેન્ટ મળે તે હેતુથી રૂ. સાડા સાત કરોડનું માતબર રકમ દાન આપવામા આવેલ છે તથા ગુજરાતમાં અનેક જગ્યાએ શિક્ષણસહાય, પાજરા પોળ, હૉસ્પિટલ તથા સાધર્મિક ભક્તિ અને અનેક જીનાલયોમાં મંગલ કાર્યોમાં સુપાત્ર દાન આપીને એમના પરિવારની તથા જૈન સમાજની શોભામાં અભિવૃદ્ધિ કરી છે. તેના માટે જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટ તરફથી આપને ખુબખુબ અનુમોદના.



શ્રી પ્રવિણભાઈ આત્મારામ શાહ
જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના
ભૂતપૂર્વ વાઈસ ચેરમૅન

---

## જેજેસી સુરેન્દ્રનગર

### અનુમોદના... અનુમોદના...

જેજેસી સેન્ટ્રલ બોર્ડ અને ચેરીટેબલ ટ્રસ્ટના પૂર્વ ચેરમેન, સુરેન્દ્રનગર સેન્ટરના વર્તમાને પ્રમુખશ્રી દિનેશભાઈ વાડીલાલ શાહ ડી. વી. શાહ સાહેબ અને જેજેસી લેડીઝ વિંગના પ્રમુખ શ્રીમતી સ્મિતાબેન દિનેશભાઈ શાહ એ સુરેન્દ્રનગરમાં નૂતન ઉપાશ્રયનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે તેના મંગલ કાર્યોમાં સુપાત્ર દાન આપીને તેમના પરિવારની શોભામાં અભિવૃદ્ધિ કરી છે.



# જેજેસી-ભાવનગર




જેજેસી ભાવનગર દ્વારા રક્તદાન કેમ્પ નું આયોજન ભાવનગરના તમામ સંવેદનશીલ નાગરિકોને નમ્ર અનુરોધ સાથે જણાવવાનું કે, આપ સૌ જાણો છો તેમ હાલ વિશ્વમાં કોરોના વાઈરસની ગંભીર બિમારી ચાલી રહી છે.

તેવી જ એક બિમારી જેનું નામ થેલેસેમિયા મેજર છે. જેમાં થેલેસેમીયા મેજર બાળકોને દર ૧૫ દિવસે લોહી ચડાવવાની જરૂર પડે છે. તો આવા બાળકો માટે હાલ કોરોના વાઈરસના કપરા સમયમાં દરેક રક્તદાતા ને નમ્ર વિનંતી છે કે આપ કોરોના ની વેક્સિન નો પહેલો ડોઝ લેતા પહેલા થેલેસેમિયા નાં બાળકો તેમજ અન્ય દર્દીઓ માટે અવશ્ય રક્તદાન કરો કારણ કે વેક્સિન લીધા પછી ૨૮ દિવસ સુધી આપ રક્તદાન નહીં કરી શકો. અને જો આપે વેક્સિનનો પહેલો ડોઝ ૨૮ દિવસ થઈ ગયા હોય તો બીજો ડોઝ લેતા પહેલા પણ રક્તદાન કરી શકો છો.

થેલેસેમિયાના બાળકો માટે અને અન્ય અકસ્માતના દર્દીઓ માટે રક્તની ખુબ જ જરૂર પડતી હોવાથી આપસૌનો સાથ સહકાર મળે તેવી આશા છે. તમારા થકી કોઈને જીવનદાન મળી શકે છે.

આપણી તમામ બ્લડ બેંકોમાં લોહીની ખુબ તંગી ના ઉભી થાય એ માટે આપ અથવા આપના મિત્રો, સગા-સંબંધીઓ ને વાત કરીને પણ તમારા તરફથી ઓછામાં ઓછી બે બોટલ રક્તદાન કરાવો... આવું રક્તદાન જેવું મહાદાન નું શ્રેષ્ઠ કાર્ય કરીને જરૂરીયાત બાળકોને નવું જીવનદાન મળી શકે છે.

આવા અનેક સારા કાર્ય કરવા બદલ જેજેસી ભાવનગરની સમગ્ર ટીમને અભિનંદન આપે છે.

# જેજેસી માંડવી (લેડીઝ વીંગ)

કોવીડ-૧૯ની કોરોના મહામારીની પરિસ્થિતિને કારણે કોરનટાઈન થયેલ માંડવી સમસ્ત જૈન સમાજનાં કોઈપણ પરિવારને ઘરે અને હોટલમાં ટિફીનની જરૂર હોય તો જૈન જાગૃતિ સેન્ટર, માંડવી વિના મૂલ્યે ટિફિન સેવા તા. ૨.૫.૨૦૨૧ થી ૧૫.૫.૨૦૨૧ સુધી ખુલુ કરેલ હતું.

કોરોનાથી સંક્રમિત અથવા તો ક્વોરન્ટાઈન થયેલ કોઈ પણ જૈન પરિવાર ને જરૂર હોય તેમણે બપોરનાં ટિફીન માટે સવારે અને સાંજના ટિફીન માટે વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

# જેજેસી રાપર

કોરોનાની ભયંકર મહામારી માં આર્શીવાદ રૂપ કોવિડ-૧૯ વેકશીનના સેકન્ડ ડોઝ માટેનું રસીકરણ કેમ્પ તાલુકા હેલ્થ કચેરી રાપર ના સહયોગ થી સમસ્ત જૈન સમાજ માટે આયોજન કરવામાં આવ્યું છે.

જે વ્યક્તિ નાત પહેલા ડોઝ ને ૨૮ દિવસ થઈ ગયા હશે તો બીજો ડોઝ લઈ શકશે. રસી લેવા માટે સાથે આધારકાર્ડ અને પહેલા ડોઝની સ્લીપ સાથે લઈ આવવું. જેમણે પહેલો ડોઝ લેવો હોય તે વ્યક્તિ એ આરોગ્ય સેતુ એપ માં ઓનલાઈન નામ રજીસ્ટર કરાવી રાખે. એમને પહેલો ડોઝ આપવામાં આવશે.

# જેજેસી-સેન્ટ્રલ બોર્ડ

**જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ**

**દ્વારા આયોજીત**



## ૨૬મો સમુહલગ્નોત્સવ



**વહેલા તે પહેલાના ધોરણે**

**૨૧ યુગલોને સમુહ લગ્નમાં** લેવામાં આવશે.

**સમુહ લગ્ન માટે**

**જેજેસી ઑફિસમાં સંપર્ક કરવા નમ્ર વિનંતી.**

૨૦૧, માથારુ આર્કેડ, સુભાષ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭.

ટે. નં. ૦૨૨-૬૬૯૫૬૬૯૯ ટેલિફૅક્સઃ ૦૨૨-૬૬૯૭૩૦૩૮

**Email: admin@jainjagruti.com • Website: www.jainjagruti.com**

# જેજેસી બીચ સાઈડ

કોવીડ ૧૯ કોરોના મહામારીની પરિસ્થિતીમાં જેજેસી બીચ સાઈડ અનેક સાધર્મિક પરિવારોને અનાજની કીટ, પીપીઈ કીટ, ઑક્સિજન મશીનના બાટલા તથા બિસ્કીટનાં પૅકેટ આપવામાં આવેલ હતા. દરેક કાર્યમાં જેજેસી બીચ સાઈડના શ્રી ઉદયભાઈ તથા તેમની સર્વ કમિટીની સાથે શ્રી ચંદ્રકાંતભાઈ તથા બિલેશભાઈ વિતરણ કરવામાં સહયોગ આપેલ હતો. આવા અનેક સારા કાર્ય કરવા બદલ જેજેસી બીચ સાઈડની સમગ્ર ટીમને અભિનંદન આપેલ છે.





# પાવનધામ કોવિડ કેર સેન્ટરની કાંદિવલીમાં પૂર્ણ શરૂઆત

રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત કાંદીવલી-મુંબઈ સ્થિત ધર્મસંકુલ પાવનધામ કોવિડ કેર સેન્ટરનું રિ ઓપનીંગ શનિવાર, ૧૭ એપ્રિલ ૨૦૨૧ના કરવામાં આવશે.



ક્વેસ્ટ ફાઉન્ડેશનના ધર્મવત્સલા શ્રી બીનાબેન અજયભાઈ શેઠના સહયોગે ફરીને પાવનધામમાં અનેક દર્દીઓ કોરોના મુક્ત બની નવજીવન પામશે.

શાસન દીપક પૂજ્ય ગુરૂદેવ શ્રી નરેન્દ્રમુનિ મહારાજ સાહેબ અને માં-સ્વામી જયવિજયાજી મહાસતીજીના આશીર્વાદથી ક્વેસ્ટ ફાઉન્ડેશનના ધર્મવત્સલા શ્રી બીનાબેન અજયભાઈ શેઠના સહયોગે તેમજ એપેક્સ હોસ્પિટલ અને શ્રી ગોપાલભાઈ શેટ્ટી એમપી પોઈસર જીમખાનાના સહ ઉપક્રમે પ્રારંભ થઈ રહેલાં પાવનધામ કોવિડ સેન્ટરમાં કોરોના પીડિત દર્દીઓની સારવાર અર્થે પૂર્ણ વ્યવસ્થાઓ સાથે વર્તમાનના વિષમ સમયમાં સરકારી તંત્રને સહયોગ આપવામાં આવી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પણ કોરોના મહામારી સમયે જ્યારે હોસ્પિટલો ઓછી પડી રહી હતી, એવી પરિસ્થિતિમાં પાવનધામ ધર્મસંકુલને કોવિડ કેર સેન્ટરમાં પરિવર્તિત કરવામાં આવ્યું હતું. જ્યાંથી ૧૩૦૦થી પણ વધુ દર્દીઓ કોરોના મુક્ત બનીને સ્વસ્થતાપૂર્વક ઘરે પાછા ફર્યા હતાં.

પૂજ્ય સંત-સતીજીઓની સાધનાના તરંગોથી પાવન બનેલા પાવનધામના પોઝિટિવ વાતાવરણમાં એક અનેરા પ્રકારની શાંતિ અને સમાધિના અનુભવ સાથે દર્દીઓ કોરોના મુક્ત બન્યા છે ત્યારે વર્તમાન સમયમાં ફરીને ઉભી થયેલી વિષમ પરિસ્થિતિ, વધતી જતી કોરોના દર્દીઓની સંખ્યા, હોસ્પિટલોમાં પૂરતા બેડનો અભાવ આદિ અનેક પ્રકારની સમસ્યાઓમાં સરકારને સહયોગ આપવાની ભાવના સાથે શરૂ કરવામાં આવેલું પાવનધામ કોવિડ સેન્ટર અનેક દર્દીઓની શાતા-સમાધિ અને સ્વસ્થતાનું કારણ બની રહેશે.

આ સમય ધર્મ મંદિરોને માનવતાના મંદિરો બનાવવાનો સાચો સમય છે.

રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ
દિનેશભાઈ મોદી - ૯૮૩૩૬૩૩૫૫૪
પ્રદીપભાઈ મહેતા - ૯૮૨૦૯૮૩૮૨૨
નિરવભાઈ દોશી - ૯૮૨૦૮૨૩૪૦૦

## જેજેસી-અંકલેશ્વર

જૈન જાગૃતિ સેન્ટર અંકલેશ્વર સંચાલિત કંચનબા ડિસ્પેન્શરી ફરી થી આપની સેવામાં હાજર છે. સેવાભાવી ડો. નયનાબેન વારીયા સેવા માટે આજથી કાર્યરત રહેશે.

સમય : સવારે ૧૦થી સાંજે ૬ વાગ્યા સુધી.

ચાર્જ : ફક્ત ૫ રૂપિયા એક દિવસની દવા તેમજ ડૉક્ટરી તપાસ

સ્થળ : રવિકિરણ કોમ્પ્લેક્ષ

જિનવાલા ઈલેક્ટ્રિકની બાજુમાં રવિરાજ એપાર્ટમેન્ટની સામે જીઆઈડીસી ડેપોની સામેની ગલીમાં અનાજ માર્કેટ વાલિયા ચોકડી અંકલેશ્વર

## જેજેસી રાપર

તાલુકા હેલ્થ કચેરી રાપરના સહયોગથી સમસ્ત જૈન સમાજ માટે આયોજન કરવામાં આવ્યું છે. ૪૫ વર્ષથી ઉપરની વ્યક્તિને તા. ૩.૪.૨૦૨૧ના રોજ રસી આપવામાં આવેલ.

## જેજેસી-માંડવી

જેજેસી લેડીઝ ગ્રુપ દ્વારા સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોરોનાની વિકટ પરિસ્થિતિમાં સંગીતના સુરોએ હળવાશનો અનુભવ કરાવ્યો હતો અને સૌએ પ્રોગ્રામ મન ભરી ને માણ્યો હતો. જેજેસી સેન્ટ્રલ બોર્ડના સેક્રેટરી શ્રી ભાવીનભાઈ, દર્શનભાઈ, પુનિતભાઈ માંડવીનગર અધ્યક્ષા શ્રીમતી હેતલબેન સોનેજી, જીગનાબેન હોદારવાલા, પારસભાઈ સંઘવી, લાંતિકભાઈ શાહ મુન્દ્રાના જૈન સમાજ અગ્રણી શ્રી ભૂપેનભાઈ અને નીલીમાબેન મહેતા તથા માંડવી જૈન ત્રણ સંઘ પ્રમુખ મયુરભાઈ શાહે મુખ્ય મહેમાન તરીકે શોભા વધારી હતી. ડૉ. ઉષાબેન ગોગરી, સ્વાતિબેન, રજુબેન, નયનાબેન અતિથિ વિશેષ તરીકે જોડાયા હતા. કાર્યક્રમનું સંચાલન મંત્રી ડૉ. પારૂલબેન ગોગરીએ કરેલું. પ્રોજેક્ટ ચેરમેન પ્રમુખ ગીતાબેન વોરા, પારૂલબેન રજુબેન, ચંદ્રીકાબેન, રક્ષાબેન, મમતા બેન હાજર રહ્યા હતા. સાધનાબેન, મનીષાબેન અને ભારતીબેન એ સહયોગ આપ્યો હતો.

# જેજેસી કાંદિવલી

## અનુમોદના... અનુમોદના...

જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના વાઈસ ચૅરમેન તથા કાંદિવલી સેન્ટરના પ્રમુખ શ્રી સંજયભાઈ શાહ તથા શ્રીમતી રેખાબેન શાહ જેઓ ધર્મના કાર્યમાં હંમેશા આગળ હોય છે. રેખાબેનની અનુમોદનાથી સંજયભાઈએ કરેલ સુકૃત્યોની અનેક હારમાળા છે. કાંદિવલીમાં દેરાસરનું ભૂમિપૂજન તથા નૂતન વ્યાખ્યાન હૉલમાં માતબર રકમ આપીને જૈન શાસન તથા પરિવારની શોભા વધારી છે. તેની ખૂબખૂબ અનુમોદના.



---

## મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ

જેજેસી નોર્થઈસ્ટની યુટ્યુબ ચેનલમાં જેજેસીના સેન્ટરોએ સહીયારા કાર્યક્રમમાં ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ તા. ૨૫-૪-૨૦૨૧ના ખૂબ જ ભક્તિભાવથી ઉજવ્યો.

રાત્રે ૮.૧૫ થી જ સભ્યો ચેનલમાં વેઈટીંગમાં હતા અને કાર્યક્રમ શરૂ થતાં જ એકદમ ભક્તિમય વાતાવરણ છવાઈ ગયું. ગાયક કલાકારો સૌરભ મહેતા તથા મિતાલી મહેતા એક પછી એક ભાવવાહી સ્તવનોને ભક્તિ ગીતોનો વરસાદ વરસાવ્યો અને દરેક ભક્તિ ગીત પછી ચેટબોક્ષમાં શ્રોતાઓનો ભક્તિભાવ ના વહેણ દેખાતા હતા.

શ્રોતાઓને આ કાર્યક્રમ ખૂબ જ પસંદ આવી ગયો છે અને હજી પણ યુટ્યુબ પર ૧૦૦૦૦ થી પણ વધારે મેમ્બરો અને તેના ફેમીલી મેમ્બરોએ આ કાર્યક્રમ નિહાળ્યો છે અને જેજેસીને આવા સુંદર કાર્યક્રમો રજુ કરવા માટે અભિનંદન આપેલ છે.

જેજેસી નોર્થઇસ્ટ, નોર્થવેસ્ટ, રોયલ જગડુશા, જેમ જગડુશા, ચેમ્બુર, ઘાટકોપર, બીચસાઈડ, જુહુ, વીલેપાર્લે, પિંક પંતનગર, ગોલ્ડન ગારોડીયા, મુલુંડ, ભાંડુપ, વિક્રોલી, પેડર રોડ, શિવાજી પાર્ક, સેન્ટ્રલ મુંબઈ, નવી મુંબઈ, વાશી, નેરૂલ, પનવેલ, ડાઉનટાઉન, વસઈ, મીરાભાયંદર, લેડીઝ વીંગ મુંબઈ ઇસ્ટ, લેડીઝ વીંગ સેન્ટ્રલ મુંબઈ, તથા ગુજરાતના દરેક જૈન જાગૃતિ સેન્ટરો સહ આયોજીત પ્રોગ્રામમાં ભાગ લીધો હતો.

# જેજેસી-કાંદિવલીનું પ્રથમ વર્ચ્યુઅલ ઈન્ટરનેશનલ અપરિણીત યુવક-યુવતી સંમેલન




જેજેસી કાંદિવલી તથા જૈન સગપણ માહિતી સેન્ટર કાંદિવલી દ્વારા રવિવાર, ૪ એપ્રિલે સાંજે સાત વાગ્યે (ભારતીય સમય પ્રમાણે) પ્રથમ વર્ચ્યુઅલ અપરિણીત ઈન્ટરનેશનલ યુવક-યુવતી સંમેલનનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ યુવામેળામાં વિદેશોમાં વસતા ૯૯ ભારતીય યુવક-યુવતીઓ ભાગ લઈ રહ્યા હતા જેમાં યુકે, અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, દુબઈ, જર્મની, નેધરલૅન્ડ, આફ્રિકાનો સમાવેશ થાય છે. સંસ્થા દ્વારા લગભગ દર વર્ષે ભારતમાં રહેતા અપરિણીત યુવક-યુવતી સંમેલનનું આયોજન કરાય છે. પ્રથમ વખત વિદેશમાં રહેતા જૈન સમાજનાં યુવક-યુવતીઓને યોગ્ય લાઈફ પાર્ટનર મળી રહે તે માટે સંસ્થા પ્રયત્ન કરી રહી છે. આ પ્રોગ્રામની youtube લિન્ક પર રવિવારે સાત વાગે જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

Link : https"//youtu.be/kkJHXPYSHWM.વધુ વિગત જાણવા માટે સંજય શાહનો મો. નં. ૯૮૨૧૦૫૦૧૬૯ સંપર્ક સાધવો.

# ધનની પ્રતિષ્ઠા દાનથી વધે છે



જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ
અનુદાન ટ્રસ્ટીઃ સુશ્રાવક શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ

જૈન સમાજમાં દાનેશ્વરીઓની મોટી ફોજ છે. દયા ધર્મનું મૂળ છે. અને દાનથી જ ધનની પ્રતિષ્ઠા વધે છે. આપણા ગ્રુપના તથા જૈન સમાજના ઘરેણાં સમાન જૈન જાગૃતી સેંટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટના અનુદાન ટ્રસ્ટી સુશ્રાવક શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહની કામગીરી, દાનગંગા વિશે કોણ અજાણ હશે ભલા? તાજેતરમાં રૂા. દોઢ કરોડની માતબર રકમ શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાને ફૉરેન એજ્યુકેશન સ્કીમ માટે આપેલ છે તથા રૂા. એક કરોડનું માતબર દાન એસ.એન.ડી.ટી. વુમન્સ કૉલેજ માટુંગામાં ગર્લ્સ એજ્યુકેશન માટે આપેલ છે. તથા રૂા. ૫૧ લાખનું માતબર દાન ગર્લ્સ એમ્પોલમેંટ અને એજ્યુકેશન માટે જૈન એજ્યુકેશન સોસાયટીના નેજા હેઠળ વર્કીંગ વુમન હૉસ્ટેલ ઘાટકોપરમાં આપેલ છે. તે માટે સમગ્ર જૈન સમાજમાં જે ચેતનાપૂર્વક અને ભાવપૂર્વક સૌએ દાનની સરવાણી વહેવડાવી તેમાં દાન આપીને તેમણે પોતાના પરિવાર, સમાજ અને રાષ્ટ્રનું ગૌરવ વધાર્યું છે. આવા ઐતિહાસીક કદમને આપણે સૌ વધાવીએ અને તેમને આવા વધુને વધુ સદ્‌કાર્યો કરવા પ્રેરીત કરીએ. વેલડન શ્રી પ્રવીણભાઈ શાહ સૌની ભૂરી ભૂરી અનુમોદના.

# જેજેસી કાંદિવલી

જેજેસી કાંદિવલી કોવીડ ૧૯ની કોરોના મહામારીની પરિસ્થિતિમાં કોરોનાની કીટ કાંદિવલી પોલીસ સ્ટેશનમાં દરેક પોલીસોને આપવામાં આવી હતી. તેવી જ રીતે કાંદિવલીમાં જે કોવીડ માટેની હૉસ્પિટલોમાં જે પેશન્ટ દાખલ થયા હોય તેમને જીવન જરૂરીની વસ્તુઓ આપવામાં આવી હતી. તે માટે જૈન જાગૃતિ સેન્ટર - કાંદિવલીના પ્રમુખ તથા તેમની કમિટીનો જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ તરફથી આભાર માનવામાં આવેલ.



## જેજેસી-લેડીઝ વીંગ જૂનાગઢ

જૈન જાગૃતિ સેન્ટર લેડીઝ વીંગ જૂનાગઢ દ્વારા વર્ષ ૨૦૨૦ માં કોરોના જેવી મહામારી ના કારણે પ્રોગ્રામ ના આપી શકવાના લીધે વર્ષ નો છેલ્લો પ્રોગ્રામ હોટેલ સરોવર પોર્ટિકોમાં રાખવામાં આવેલ હતો જેમાં સૌરાષ્ટ્ર ઝોનના સેક્રેટરી અને અમારા સૌના લાડીલા એવા સ્વ. જયેશભાઈ અવલાણી ને શ્રદ્ધાંજલી સાથે કાર્યક્રમ ની શરૂઆત કરવામાં આવ્યું હતી. આ કાર્યક્રમમાં સરોવર પોર્ટિકો, ના મેનેજર દ્વારા જૂનાગઢ લેડીઝ વિંગ ને સારી રીતે બિરદાવવામાં આવ્યું હતું. એમણે હોટેલ ના ફેસબુક પેઈજ પર જૂનાગઢ લેડીઝ વિંગની ચર્ચા કરેલી હતી. એમને ઉમેર્યું હતું કે આટલી મોટી સંખ્યા માં લેડીઝ એકત્ર થયેલી હોઈ અને ક્યાંય અનાજ નો બગાડ ના થાય એ શક્ય જ નથી. જૂનાગઢ લેડીઝ વિંગના પ્રમુખ શ્રી અમીષીબેન ગાંધી તથા સેક્રેટરી શ્રી સોનલબેન અવલાણી તથા તમામ કારોબારી સભ્ય દ્વારા દરેક પ્રોગ્રામમાં અનાજ નો બગાડ ના થઈ તેનું પૂરતું ધ્યાન રાખવામાં આવે છે. વર્ષ ૨૦૨૧ નો પ્રથમ પ્રોગ્રામ ૮ માર્ચ, વુમન્સ ડેના રોજ યોજવામાં આવ્યો હતો. જે ઢોસા, વેડ્સ ચટણી, નામક રેસ્ટોરેન્ટમાં રાખવામાં આવેલો હતો. જેમાં નવા મેમ્બર્સ ને આવકારમાં આવ્યા હતા તથા તેમનો પરિચય મેળવવામાં આવ્યો હતો જેમાં સાડી એઝ એ ડ્રેસ કોડ રાખવામાં આવ્યો હતો અવનવી રમતો બાદ રાત્રીના ભોજન સાથે કાર્યક્રમ પૂરો કર્યો હતો.

## જેજેસી અંકલેશ્વર

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ અંકલેશ્વર ના સભ્યો માટે સહાય તેમજ લોન યોજના શરૂ કરેલ છે.

સંઘના દરેક સભ્યોને વિનંતી છે કે કોઈપણ સભ્ય ના ત્યાં કોરોનાના ઈલાજમાં થયેલ ખર્ચ ને પહોંચી વળવા માટે સંઘના કોઈપણ સભ્યને લોન રૂપે અથવા સહાય રૂપે રૂપિયાની જરૂર હોય તો જણાવશો.

ઉપરોક્ત લોન અને સહાય રૂપે આપેલ નાણાંની માહિતી સંપૂર્ણ રૂપે ગુપ્ત રહેશે કોઈપણ જગ્યા નામ જાહેર કરવામાં આવશે નહીં. માટે નિ:સંકોચ અમારો સંપર્ક કરશો ફૂલ નહીં તો ફૂલની પાંખડી રૂપે અમો મદદ કરવા કટિબદ્ધ છીએ.

સંઘને આ સેવાનો લાભ મળશે તો સંઘને ખૂબ આનંદ થશે.

ઉપરોક્ત યોજનાના સંઘને અમુક દાતા મળેલ છે અને બીજા કોઈ દાતાઓને જોડાવું હોય તો નીચે આપેલ નંબર પર સંપર્ક કરશો.

ઉપરોક્ત લોન/સહાય ફક્ત શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ અંકલેશ્વરના સભ્યો પૂરતી મર્યાદિત છે.

## जेजेसी नंदुरबार

सकल जैन समाज के लिए (श्वेतांबर मू. पू. स्थानक वाशी, दिगम्बर, तेरापंथी) जैन जागृति सेंटर नंदुरबार आपकी सहकार्य की अपेक्षा से स्पे कोरोना वेक्शिन कैंप लेने जा रही है अपने जैन डॉक्टर विशेष ध्यान देंगे डॉ. रोशन भंडारी सर, डॉ. स्वप्निल जैन, डॉ. जयेश जैन सकल जैन समाज के कोई भी परिवार के सदस्य जिसकी उम्र ४५ वर्ष पूर्ण हुअे है वह अपना नाम नीचे दिए कोई भी जेजेसी सभासद के पास रजिस्टर करवा ले।

सरकारी किंमत २५० रुपए चार्ज लिया जाता है। जिसमें १००/- कन्शेशन जेजेसी नंदुरबार की और से हमे सेवा का लाभ दे। तारीख २१ और २२ मार्च रविवार और सोमवार के दिन २ ग्रुप में स्मित हॉस्पिटल नंदुरबार में वैक्सीनेशन का आयोजन किया था। आप सभी का सहयोग हमारा हौसला बढ़ाएगा।

***

मातृ दिवस के अवसर पर जेजेसी द्वारा सिविल अस्पताल में सबको खिचड़ी, नास्ता पैकेट, बिस्कुट पैकेट का वितरण किया गया। इस प्रोजेक्ट के चेअरमेन पिनलबेन शाह और जयेश कोचर थे, सब कमिटी मेंबर्स ने इस में लाभ लिया।

***

जेजेसी नंदुरबार के औरसे सकल जैन समाज के लिए कन्सेशन रेट मैं प्राइवेट स्मित हॉस्पिटल मैं कोरोना वैक्सीन लगाने का प्रोग्राम लिया गया जिसमे १०० से भी ज्यादा लोगो ने टीकाकरण कराया। अध्यक्ष हितेशभाई कवाड़ के अध्यक्षता में यह प्रोग्राम लिया गया, प्रोजेक्ट चेअरमेन पिनलबेन शाह थी, जयेश कोचर, महेंद्र तातेड़, राजेश बाफना आदी सभी कमिटी मेंबर ने मेहनत लिया।

***

वर्ल्ड अस्थमा दिवस के निम्मित नंदुरबार जेजेसी द्वारा सिविल अस्पताल में सबको खिचड़ी, नास्ता पैकेट, बिस्कुट पैकेट का वितरण किया गया।

इस प्रोजेक्ट के चेअरमेन पिनलबेन शाह और जयेश कोचर थे, सब कमिटी मेंबर्स ने इस में लाभ लिया।

***

ब्लड डोनेशन कॅम्प - प्रभु महावीर जन्म कल्याणक के दिन मेगा ब्लड डोनेशन कॅम्प आयोजित किया गया। इस अवसर पर ४५ जैन लोगोने ब्लड दिया।

# પ્રાણપૂર્તિ કરવા અડગ ઊભું છે 'વીર ફાઉન્ડેશન'

**આજે જ્યારે ઓક્સિજન વિના કોવિડના દરદીઓ મરી રહ્યા છે ત્યારે મુંબઈમાં વીર ફાઉન્ડેશને લોકોને ફ્રીમાં ઑક્સિજન ઉપલબ્ધ કરાવવાનું બીડું ઉપાડ્યું છે.**

સૌજન્યઃ જેજેસી નોર્થ ઈસ્ટ

તાજેતરમાં આવેલી કોવિડની બીજી વેવ ભારે ખતરનાક બનીને કાળો કેર વર્તાવી રહી છે. આ વૈવમાં ઓક્સિજન નહીં મળવાથી અનેક લોકોને મોત ભેટ્યું છે જે બહુ જ કારમી બાબત છે. દેશમાં ચારે તરફ ઓક્સિજન મેળવવાની બુમરાણ મચી છે. આ મહામારી માટે હૉસ્પિટલોએ ગમે તેટલી તૈયારી કરી હોવા છતાં જે હદે એની જરૂરિયાત વધી છે એની સામે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાંગળું જ પુરવાર થાય એવી હાલત છે.



શ્રી નિતિનભાઈ સંઘવી

**આગળ આવ્યું વીર ફાઉન્ડેશન**

ઑક્સિજનની આવી ભયાનક સ્થિતિ મુંબઈના બિઝનેસમેન નીતિનભાઈ સંઘવીથી સહન ન થઈ શકી તેથી તેમણે ગયા જૂન મહિનાથી જ મુંબઈમાં ઑક્સિજનની જરૂરિયાતવાળા પેશન્ટોને ઓક્સિજનનાં સિલિન્ડર આપવાનું શરૂ કરી દીધું હતું. આજે આખા મુંબઈમાં તેઓ જરૂરિયાતવાળા દરદીઓને ફ્રીમાં ઓક્સિજન ઉપલબ્ધ કરાવે છે. આ માટે મુંબઈ આખામાં વીર ફાઉન્ડેશનનાં પંચાવન સેન્ટર છે. સેવાનાં અનેક કામોમાં ઓક્સિજન પૂરો પાડવાનું કામ અપનાવવા બાબતે નીતિનભાઈ કહે છે, 'હું જૈન. અમે જીવદયાના ભારે હિમાયતી. નાના જીવને બચાવવા પણ બનતું કરીએ તો આ તો માણસોના જીવને બચાવવાની વાત આવી પડી છે તો એ માટે અમારાથી થાય એ બધું જ કરી છૂટવા અમે તત્પર છીએ. ઓક્સિજન વિના દરદીએ પ્રાણ ત્યાગવો પડે એ તો અસહ્ય જ છે. તેથી જ વીર ફાઉન્ડેશને લોકોને ઓક્સિજન સિલિન્ડર આપવાનું શરૂ કર્યું.'

---

# रुणवालजी फिर देश के टॉप टेन डेवलपर की सूची में

मुंबई प्रतिष्ठित रियल एस्टेट डेवलपर सुभाषचंद्र रुणवाल एक बार फिर देश के टॉप टेन डेवलपर में घोषित किए गए है। दुनिया के विभिन्न क्षेत्रों में बिजनेस रेटिंग के लिए विख्यात एजेंसी हुरुन रिपोर्ट और ग्रोहे इंडिया ने 'ग्रोहे हुरुन इंडिया रीयल एस्टेट लिस्ट-२०२०' की जो टॉप १०० की सूची जारी की है, उसमे ११ हजार ४५० करोड़ रुपए की नेटवर्थ वाली सुभाषचंद्र रुणवाल की कंपनी रुणवाल डेवलपर्स टॉप टेन में शामिल है। भारत में कोरोना संकटकाल के दौरान देश भर हील नहीं बल्कि दुनिया भर में रियल एस्टेट क्षेत्र काफी धीमा रहा, लेकिन रुणवाल ग्रुप ने वक्त पर डिलीवरी और बेहतरीन क्वालिटी के कंस्ट्रक्शन की अपनी परंपरा को कायम रखते हुए भवन निर्माण के क्षेत्र में उल्लेखनीय प्रगति करते हुए बीते साल से भी ज्यादा रेवेन्यू अर्जित किया। इसके साथ ही अपनी प्रगतिशील व्यावसायिक कोशिशों, लक्ष्य के प्रति सजगता एवं कस्टमर फ्रैंडली कॉर्पोरेट कंपनी के रुप में लगातार आगे बढ़ रहा रुणवाल ग्रुप इस साल एक बार फिर से टॉप टेन में है। पिछले साल जारी सूची में रुणवाल ग्रुप नौवें नंबर पर था, लेकिन इस बार पिछली पायदान से भी और उपर चढ़कर सुभाषचंद्र रुणवाल ने अपनी साथी कंपनियों मे एक अलग मिसाल पेश की है। रुणवाल ने अपनी कंपनी के इस साल भी टॉप टेन में बने रहने एवं पिछले साल से और उपर की पायदान चढ़ने पर कहा कि हर हाल में सकारात्मक सोच और लक्ष्य के प्रति सजगता ही उनकी हर कोशिश को आगे बढ़ाती है, और यह उसी का परिणाम रहे।



श्री सुभाषचंद्र रुणवाल

# J.J.C. PEDDER ROAD

20, Gr. Flr., Jaywant Ind. Estt. ,63 Tardeo Road, Mumbai-400034.
Correspondence Add.: 9, Shiv Shakti Ind. Est., J. R. Boricha Marg, Lower Parel (E) Mumbai-11.
Tel. No.: 2301 2518 (4 to 7 pm) 99690 53005 (જે.જે.સી. પેડર રોડના WhatsApp નંબર)

| Rajesh Shah | Rasikbhai N. Kothari | Praful Furia | Dilipbhai Shah | Pankaj Sanghvi |
|---|---|---|---|---|
| President | Imm. Past President | Vice President | Secretary | Treasurer |
| 99690 53005 | 98219 28411 | 98211 19771 | 98203 69690 | 98200 48709 |

## Oxygen Concentrator ની ફ્રી સેવા




વર્તમાન મહામારીની પરિસ્થિતિમાં આપ સહુ સ્વસ્થ નિરોગી હશો તેવી આશા રાખીએ છીએ. હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસને લીધે ઘણાં લોકો બીમાર થઈ રહ્યા છે અને ઓકિસજનના મશીનો મેળવવા માટે અથાગ પ્રયાસો કરી રહ્યાં છે. પરંતુ દર્દીઓની સંખ્યા કરતાં મશીનો બહુ જ અલ્પ પ્રમાણમાં ઉપલબ્ધ હોવાથી ઘણાંને ખૂબ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ દિશામાં વિચારીને આપણાં ગ્રુપે પાંચ ઓકિસજન મશીનો ખરીદીને વસાવી લીધા છે અને બને એમ વધુમાં વધુ લોકોને એનો લાભ મળે તે માટે આપણે તે મશીન **કોલાબા થી સાયનની વચ્ચે રહેતાં દર્દીને Maximum ૧૫ દિવસ માટે FREE USE** માટે આપવાનું નક્કી કર્યું છે. આ માટે રૂા. ૫,૦૦૦/- રિફંડેબલ ડિપોઝિટ આપવાની રહેશે. આ માટે **સભ્યોની અરજીને પ્રથમ પ્રાધાન્ય** આપવામાં આવશે.

### અરજી ફોર્મ સાથે નીચેનાં ડોક્યુમેન્ટ્સની ઝેરોક્ષ કોપી આપવાની રહેશે :

૧) ડોકટરનું પ્રિસ્ક્રીપ્શન
૨) પેશન્ટનું આધારકાર્ડ મુંબઇના Address સાથેનું (મુંબઈનું ન હોય તો Elet. Bill)
૩) પેશન્ટનો મોબાઈલ નંબર
૪) ભલામણ કરનાર સભ્યનુ નામ અને મોબાઈલ નંબર

- આ ઓકિસજન મશીન ફ્રી મેળવવા માટે તમારે **શ્રી દિલીપભાઈ શાહ (Navjivan Society-98203 69690)** નો સંપર્ક કરવાનો રહેશે. એમનાં જણાવ્યાં બાદ નીચેનાં સભ્યોમાંથી એમણે કહ્યા મુજબ આપને મશીન રૂબરૂ લેવાં તથા આપની જરૂરિયાત પૂરી થયા બાદ પરત આપવા જવાનું રહેશે.
- જો **Machine Damaged Condition** મા પાછુ આવશે તો રીપેરનો ખર્ચો બાદ કરી બાકીના પૈસા પાછા આપવામા આવશે
- મશીન લેવા આવનાર વ્યકિતના આધાર કાર્ડની પણ ઝેરોકસ કોપી આપવાની રહેશે.

## ઓકસીજન મશીન મેળાવવાનો સ્થળો

| | | |
|---|---|---|
| **Rajesh Shah** | : | 9, Shiv Shakti Ind. Est., J. R. Boricha Marg, Lower Parel (E), Mumbai-11. Tel. No.: 2301 2518 (4 to 7 pm) Phone - 99690 53005 |
| **Praful Furia** | : | 15, Laxmi Industrial Est. Bhagwan Adinath Marg, Near Sales Tax Office, Behind Chaitya Tower, Mazgaon, Mumbai - 400010. Cont. 022 2372 7585, 9967 91144 |
| **Kamal Bansilal Dalal** | : | Flat No 26 , 9 th flr, Matru Mandir Society, 278 A, Tardeo Road, Opp. Bhatia Hospital, Mumbai 400007. Phone 98211 61227 |
| **Atul Pravin Shah** | : | Bldg No 7A , 3 floor, flat No.10, Navjivan Society, Lamington Road, Mumbai-400008 Tel. ( Res) 022 23087701( off) 022 22062422Cell 9323062422 |
| **Laxmichand Gala** | : | 710,Rajni Mahal Building.7th floor, Above Maji Sagar Hotel,Tardeo Road, Mumbai 400034Mob. 9821080282 |

લિ. કારોબારી કમિટી

DEV GRAPHICS - 9323 84 2828


# જેજેસી અંકલેશ્વર-જેજેસી મહુવા


જૈન જાગૃતિ સેન્ટર - અંકલેશ્વરના સહયોગ થી જૈન જાગૃતિ સેન્ટર - મહુવા તથા વૈયાવચ્ચ ગ્રુપ-મહુવા દ્વારા વાવાજોડામાં પડેલ મકાન તથા જરૂરિયાત મંદ લોકોને રાશન કીટ નું વિતરણ આંતરિયલ ગામડામાં મોટા જાદરા, મોટા ભાદરા, વીજપડી, આંબરડી, માંડળ, ઘરેશ્વર, થોરડી વગેરે ગામોમાં કરવામાં આવેલ. જેમાં નિલેશભાઈ આર. દોશી, ચિંતનભાઈ દોશી, ભાવેશભાઈ દોશી (હૅન્ડેલ), પરેશભાઈ વેકરીયા વગેરે સેવાભાવી યુવાનોએ જહેમત ઉઠાવેલ. એ બદલ જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરમૅન શ્રી પ્રફુલભાઈ કામદાર આવા કાર્યની ખૂબખૂબ અનુમોદના કરે છે.











# જેજેસી રાપર..

રાપરમાં જૈન જાગૃતિ સેન્ટર દ્વારા સમસ્ત જૈન સમાજ તથા અન્ય સમાજ માટે કોવિડ-૧૯ સેકન્ડ ડોઝ રસીકરણ કેમ્પનું આયોજન યુવક મંડળ સંચાલિત વિવિધલક્ષી હૉલમાં રાખવામાં આવ્યું હતું.

જૈન જાગૃતિ સેન્ટર રાપરના પ્રમુખ વિનોદભાઈ, દોશીના પ્રમુખ સ્થાને કાર્યક્રમ રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન સંસ્થાના મહામંત્રી કિર્તીભાઈ સી. મોરબીયાએ ર્ક્યું હતું. સંસ્થાના સ્થાપક પ્રમુખ ડો. રમેશભાઈ રતિલાલ દોશી, પૂર્વ પ્રમુખ જયેશભાઈ મોરબીયા, જયેશભાઈ દોશી ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના ઉપપ્રમુખ જીતેશભાઈ મોરબીયા, પારસ મહેતા, મહામંત્રી કિર્તી સી. મોરબીયા. ખજાનચી ચંદ્રકાંત મોરબીયાએ જહેમત ઉઠાવી હતી. ડો. રેમશભાઈ દોશીએ જણાવેલ કે યુવાનો માટે આજથી આ માસથી ૧૮ વર્ષથી ઉપરના માટે રસી ખુબ અગત્યની રાપર અર્બન હેલ્થ સેન્ટરના ડો. પૌલના માર્ગદર્શન હેઠળ



આરોગ્ય વિભાગના તાલુકા સુપરવાઈઝર કંચનબેન સુવારિયા, તેજલબેન ઉપાધ્યાય, મનીષાબેન કટારીયા, કિષ્નાબેન કટારીયાએ સેવા આપી હતી. આ પ્રસંગે સંસ્થાના પૂર્વ પ્રમુખ વાડીલાલ મોરબીયા, સુષ્માબેન મોરબીયા, કૃપાબેન દોશી ઉપસ્થિત રહ્યા હતા.

# કોરોનાની બીજી નથી ગઈ ત્યાં ત્રીજી લહેરની ઉપાધિ

કૃષ્ણકાંત ઉનડકટ

કોરોનાએ દેશમાં જે દ્રશ્યો સર્જ્યાં છે એ કઠણ કાળજાના માણસની પણ કંપારી છોડાવી દે તેવા છે. આખી દુનિયા ચેતવણીઓ આપતી હતી કે, કોરોનાની બીજી લહેર આવવાની છે. આપણો દેશ થાપ ખાઈ ગયો. પરિણામો આપણે બધા ભોગવી રહ્યા છીએ. હજુ ઓક્સિજનના ઠેકાણા નથી. ઈન્જેક્શનો અને દવાઓ માટે હજુ પણ દોડધામ ચાલે છે. કોરોનાના પેશન્ટને બેડ મળતા નથી. વેક્સિનના અભાવે વેક્સિનેશનના કામને બ્રેક લાગી ગઈ છે. ગંગા નદીમાંથી વહેતા મળેલા મૃતદેહો પરિસ્થિતિની કરૂણતાને બયાન કરે છે. કેસોમાં વધ-ઘટ થતી રહે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દરેક રાજ્યને એવી વિનંતી કરી હતી કે, લોકડાઉનને છેલ્લા વિકલ્પ તરીકે જ અપનાવવામાં આવે. એક પછી એક રાજ્ય લોકડાઉનની જાહેરાત કરી રહ્યા છે એ બતાવે છે કે, તેમની પાસે બીજો કોઈ વિકલ્પ જ બચ્યો નથી. માણસની મતિ મૂંઝાઈ જાય એવી સ્થિતિનું નિર્માણ થયું છે. બીજી લહેરે કાળો કેર મચાવવાનું હજુ બંધ નથી કર્યું ત્યાં એવી વાતો થવા લાગી કે હજુ તો ત્રીજી લહેર આવવાની બાકી છે. શું થશે એ વિચારે લોકોની માનસિક હાલત બગડતી જાય છે. મોટા ભાગના લોકોએ કોઈને કોઈ નજીકનું સ્વજન ગુમાવ્યું છે. આ વખતની લહેરમાં યંગ લોકો ઝપટમાં આવી ગયા છે. જુવાનજોધ વ્યક્તિ જ્યારે વિદાય લે ત્યારે એ આઘાત સહન કરવો અઘરો હોય છે. કંધોતર યુવાનને કાંધ આપવી પડે એનાથી મોટી કમનસીબી કઈ હોય?

આપણે ત્યાં કમનસીબી એ છે કે, વાસ્તવિકતા સ્વીકારવાને બદલે હજુ પણ બ્લેઈમ ગેઈમ ચાલે છે. ગંગામાં લાશો જોવા મળી એટલે બિહારવાળાઓએ કહ્યું કે, આ તો ઉત્તર પ્રદેશથી આવી છે. યુપી પણ છે તો ભારતમાં જ ને? જે સ્થિતિ છે એનાથી કદાચ ગંગા મૈયાના વહેણે પણ કંપ અનુભવ્યો હશે પણ આપણા રાજકારણીઓને કંઈ થતું નથી. ત્રીજી લહેર વિશે એવું પણ કહેવાઈ રહ્યું છે કે, જો કડક પગલાંઓ લેવાય તો ત્રીજી લહેરથી બચી શકાય એમ છે. સવાલ એ છે તો પછી કેમ કડક પગલાં લેવાતા નથી? કોરોનાના પ્રારંભમાં બધો જ દોર કેન્દ્ર સરકારે પોતાના હાથમાં રાખ્યો હતો. હવે બધું રાજ્યોના ભરોસે છોડી દેવામાં આવ્યું છે. દરેક રાજ્ય પોતાની રીતે નિર્ણયો લે છે. કેન્દ્ર સરકારનું મૌન દેશના લોકોને અકળાવે છે. પહેલા સરકારે ગાઈ વગાડીને કહ્યું કે, વેક્સિન લો, વેક્સિન લો. ૧૮ વર્ષથી ઉપરનાને વેક્સિન આપવાની જાહેરાત કરી દેવામાં આવી. સરકારને શું એ વાતની ખબર નહોતી કે વેક્સિનનો પુરવઠો જ નથી? સરકારને તો ઓક્સિજનનો પુરવઠો નથી એની પણ ખબર નહોતી. તરસ લાગે ત્યારે કૂવો ખોદવા બેસવા જેવી હાલત થઈ છે. આટલા ઓક્સિજન પ્લાન્ટ બને છે એવી વાતો સાંભળવા મળે છે પણ એ બધા બનશે ક્યારે? વિદેશથી જે મદદ આવે છે એ પણ જરૂરિયાતવાળાઓને મળતી નથી એવી બૂમ ઊઠી છે.

આ બધા વચ્ચે આંતરરાષ્ટ્રીય સ્તરે ફરીથી એવી વાતો ચાલુ થઈ છે કે, કોરોના એ ચીનનું જ કાવતરું છે. ચીન ૨૦૧૫થી જૈવિક હથિયારો બનાવવાનું પ્લાનિંગ કરતું હતું. ચીનની પિપલ્સ લિબરેશન આર્મી ત્રીજું વિશ્વયુદ્ધ વાઈરસથી જ લડવાની યોજના ઘડતી હતી. 'ધ ઓસ્ટ્રેલિયન' અખબારે ચીનની સેનાના વૈજ્ઞાનિકોના નામ સાથે એવા અહેવાલો પ્રસિદ્ધ કર્યા છે કે, કોરોના એ ચીનનું જ કરતૂત છે. દાવો તો ત્યાં સુધીનો કરાયો છે કે, ચીનની સેનાએ ૨૦૧૫માં એક રિસર્ચ પેપર તૈયાર કર્યું હતું. ધ અનનેચરલ ઓરિજિન ઓફ સાર્સ એન્ડ અધર સ્પીશીઝ ઓફ મેનમેડ વાઈરસિસ એજ જેનેટિક બાયોવેપન્સ નામના આ રિસર્ચ પેપરમાં કોરોના વાઈરસની વાત કરવામાં આવી હતી. અમેરિકાના વર્તમાન પ્રેસિડેન્ટ જો બાઈડેન આ મુદ્દે ચૂપ છે. ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ તો છાતી ઠોકીને કહેતા હતા કે, કોરોના વાઈરસ ચીને વુહાનની લેબોરેટરીમાં જ બનાવ્યો છે. કોરોના વાઈરસથી ચીને અમેરિકા સામે યુદ્ધ છેડ્યું છે. દુનિયાને જે સમજાતો નથી એ સવાલ એ જ છે કે, આખી દુનિયા

કોરોના સામે ઝઝૂમી રહી છે ત્યારે ચીનમાં કેમ કંઈ થતું નથી? ચીનમાં કોરોના કઈ રીતે કાબુમાં આવી ગયો. માનો કે ચીન પાસે કોરોનાથી મુક્તિ મેળવવાની કોઈ ફોર્મ્યુલા છે તો એ કેમ દુનિયાને નથી કહેતું? ચીનના વાઈરસની વાત વિશે એક પુસ્તક પણ પ્રસિદ્ધ થવાનું છે 'વોટ રિઅલી હેપન્ડ ઈન વુહાન' નામના આ પુસ્તકના લેખક શારી માર્કસન છે. આખી દુનિયામાં જાણીતી પ્રકાશન કંપની હાર્પર કોલિન્સ આ પુસ્તકને પ્રસિદ્ધ કરવાનું છે. સપ્ટેમ્બર સુધીમાં માર્કેટમાં આવનારા આ પુસ્તકની ચર્ચા અત્યારથી જ થઈ રહી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગોનાઈઝેશન તો હજુએ એવી જ વાતો કરી રહ્યું છે કે, કોરોના કુદરતી રીતે પેદા થયેલો વાઈરસ છે.

કોરોના વિશે જે સાચું હશે એ વહેલું કે મોડું બહાર આવશે, અત્યારે સૌથી મોટો સવાલ એ છે કે, કોરોનાથી બચવું કઈ રીતે? આપણા દેશની હાલત આખા જગતમાં સૌથી વધુ ખરાબ છે. લોકો જાણે ભગવાનના ભરોસે હોય એવું અનુભવી રહ્યા છે. સમજુ લોકો બહાર જાય ત્યારે બબ્બે માસ્ક પહેરવા લાગ્યા છે. હવે તો લોકો ઘરમાં પણ માસ્ક પહેરે છે. સરકાર જે કરી રહી છે એ પૂરતું નથી એવું તો દરેકને લાગી રહ્યું છે!


જેજેસી જુહુ

સહયોગ અને વ્યવસ્થા : જેજેસી નોર્થઈસ્ટ

OXYGEN CYLINDERS FOR COVID PATIENTS

વીર ફાઉન્ડેશન ના સહયોગ થી




OXYGEN CYLINDERS FOR COVID PATIENTS AVAILABLE

નિશુલ્ક ઓક્સીજન સેવા

કોરોના પીડીત દર્દી ઓ માટે જેમનું ઓક્સીજન લેવલ ૯૦ ની આસપાસ છે તેમના માટે નિશુલ્ક ઓક્સીજન આપવામાં આવશે .

જરૂરી ડોકયુમેન્ટ

કોવીડ રીપોર્ટ,આધાર કાર્ડ તેમજ ડોકટરનું પ્રીસ્કીપ્શન

REFUNDABLE DEPOSIT

દિવસ રાત્ર ઓક્સીજન સીલીન્ડર સેવા માટે સંપર્ક

9820020796 - 9819862645 - 25010420

સહયોગ : શ્રી નિતીન સંઘવી

VEER FOUNDATION


## જૈન જાગૃતિ સેન્ટર ઉપલેટા

જૈન જાગૃતિ સેન્ટર ઉપલેટાના પ્રમુખ અશોકભાઈ શેઠ અને મંત્રી રાજેશભાઈ કારાવડીયાની આગેવાનીમાં આજરોજ ચુનાળાની ભઠ્ઠી અને દ્વારકાધીશ સોસાયટી પાસેની ઝુપડપટ્ટીમાં છાશ વિતરણ કરવામાં આવ્યું હતું.



## જૈન જાગૃતિ સેન્ટર ઉદયપુર (લેડીઝ વીંગ)

જૈન જાગૃતિ સેન્ટ ઉદયપુર લેડીઝ વીંગ દ્વારા નિશુલ્ક કોવિડ રસી શિબિરનું આયોજન ગુરુવાર તા. ૮ એપ્રિલ ૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું હતું તેની સાથેસાથે વિશેષ આકર્ષક : જે કોઈ રસી વપરાશ કરવા માટે આવે એને આકર્ષક ભેટ આપવામાં આવી હતી. તેના માટે ઉદયપુર લેડીઝ વીંગના પ્રમુખ તથા કમિટી મેમ્બરોને ખુબ ખૂબ ધન્યવાદ આપવામાં આવેલ.

# કોરોનાના સમયમાં જરૂરી આહાર અને વિહાર

નિષ્ઠા ઠક્કર

આપણે કોવિડ ૧૯ના બીજાં વેવમાંથી પસાર થઈ રહ્યા છીએ અને તે હજુ પણ એટલું જ તાકાતવર છે. આપણી આસપાસ ઘણા બધા લોકોને ચેપ લાગી રહ્યો છે. ચેપ કોઈને પણ લાગી શકે. કારણ કે તે ઝડપથી ફેલાય છે, પણ ચેપ લાગ્યા છતાં આપણે તેમાંથી કઈ રીતે જલ્દી બહાર આવી શકીએ? એ વિચાર અગત્યનો છે. અત્યારે હોસ્પિટલમાં દાખલ થવાનો વારો ન આવે અથવા તો ઓક્સિજનની જરૂર પડે તેવી ગંભીર પરિસ્થિતિ ન સર્જાય તે જોવું જરૂરી છે.

રોગના શરૂઆતના તબક્કામાં જેમ આયુર્વેદના ઔષધ કામ કરી રહ્યાં છે, તે ઘણા બધા લોકોને ગંભીર પરિસ્થિતિમાં જતાં અટકાવી શકે તેમ છે. એટલે કોઈ પણ લક્ષણ દેખાય કે તરત જ આયુર્વેદ ચિકિત્સકનો સંપર્ક કરી શકાય છે, પણ ઔષધોની સાથે જ ખોરાક પણ તેટલો જ અગત્યનો છે અને તે માર્ગદર્શન માત્ર આયુર્વેદ જ આપી શકે છે. ઘણી બધી પરિસ્થિતિમાં ખોરાક પણ તમને ગંભીર રોગ તરફ જતાં અટકાવે છે. કારણ કે ખોરાક પણ ઔષધ જ છે ને!

જે પણ લોકોને કોરોના થયો હોય, જે લોકો કોરોનાનાં સંક્રમણમાં હોય તેવા લોકોએ પોતાના ખોરાકનું વિશેષ ધ્યાન રાખવું. સંક્રમણ લાગે તેના પહેલા ૩ થી ૫ દિવસ દરમ્યાન ખૂબ જ સાદો ખોરોક લેવો અને તેમાં પણ મુખ્યરૂપે મગનું પાણી, ઢીલા મગ, ભાતનું ઓસામણ, ભાત, મગની દાળ મુખ્યત્વે લઈ શકાય. મગની ઢીલી ખીચડી પણ લઈ શકાય. સ્વાદ માટે તેમાં સૈંધવ નમક અથવા મરીનો ઉપયોગ કરી શકાય. અગત્યનું છે કે પહેલા ૩ દિવસ દરમ્યાન ઘી અથવા તેલનો ઉપયોગ ટાળવો જોઈએ. શરૂઆતના સમયમાં આવો સાદો ખોરાક લેવાય તે જરૂરી છે. હળદરવાળું દૂધ લઈ  શકાય. પીવા માટે ઉકાળીને ઠંડું કરેલું પાણી અથવા તો આયુર્વેદ ચિકિત્સકની સલાહ મુજબ ધાણા, સૂંઠ, તુલસી જેવાં ઔષધોની સાથે ઉકાળેલું પાણી પી શકાય. થોડું હુંફાળું ગરમ પાણી વધુ મદદ કરે છે.

૩ થી ૫ દિવસ પછી ખોરાકમાં થોડા ફેરફાર કરી શકાય. જેમ કે ઘી થી વધારેલી દાળ લઈ શકાય. દાળ-ભાત, ખીચડી, દૂધીનો સૂપ-ભાત લઈ શકાય. ધાણા, જીરું, હળદર, આદુ, મરી, તજ, લવિંગ, સૈંધવ નમક વાપરી શકાય. શાકમાં ઋતુ અનુસાર અને હળવાં હોય તેવાં જેમ કે દૂધી, તુરિયાં, કારેલાં, પરવળનો ઉપયોગ કરી શકાય. સૂકામેવામાં કાળી દ્રાક્ષ અને ખજૂરનો ઉપયોગ કરી શકાય. ૧૦ નંગ કાળી દ્રાક્ષ અને ૨ નંગ ખજૂર પલાળીને અથવા એમ જ ચાવી ચાવીને લઈ શકાય. તેનાથી ઊર્જા મળી રહે છે. પીવાનું પાણી આ દરમ્યાન ખૂબ જ અગત્યનું છે. એટલે ઉકાળેલું ગરમ પાણી જ લેવું જોઈએ અથવા ઔષધોથી યુક્ત પાણી લેવું જોઈએ. સંક્રમણ દરમ્યાન ઉકાળેલું ગરમ પાણી પણ ઔષધ જ છે. હળદરવાળું ગરમ દૂધ લઈ શકાય. ઘઉંની પાતળી રાબ લઈ શકાય, એટલે ધીરે ધીરે ખોરાકમાં ઉમેરો કરી શકાય. તુલસી અને આદુનો ઉકાળો ગોળ સાથે અથવા ફૂદીનો અને મીઠા લીમડાનાં પાનનો ઉકાળો ગોળ-લીંબુ સાથે અથવા તજ, લવિંગ, મરી, એલચીનો ઉકાળો ગોળ સાથે, તુલસી, મરી, ધાણાનો ઉકાળો ગોળ સાથે દિવસમાં ૧ વાર લઈ શકાય. આમળા, કાચી વરિયાળી, અજમો, સુવા વગેરેનો મુખવાસની જેમ ઉપયોગ કરી શકાય. સંક્રમણ દરમ્યાન આવો ખોરાક તમને ઉપયોગી થાય છે અને જલ્દી સાજા થવામાં મદદ કરે છે.

સાથે જ સમય પર સૂવું અને સમય પર જમી લેવું પણ અગત્યનું છે. અનુલોમ-વિલોમ જેવાં પ્રાણાયામ, ઊંડા શ્વાસ લેવા, સ્વસ્થતા લાગે ત્યારે હળવી કસરત, ધ્યાન પણ જરૂરી છે. સાદાં ગરમ પાણીથી અથવા અજમાની નાસ પણ લઈ શકાય છે. જરૂર પડે હળદર-મીઠાંવાળા ગરમ પાણીથી કોગળા પણ કરી શકાય છે.

આ સમય દરમ્યાન અમુક પ્રકારના ખોરાક ખાસ ન લેવા જોઈએ. જેમ કે દહીં, લસ્સી, આઈસ્ક્રીમ, બીજાં ઠંડાપીણાઓનો ઉપયોગ ન કરવો જોઈએ. કોઈપણ પ્રકારનાં ફળ અથવા તેના રસ વગેરે ન લેવા જોઈએ. અત્યારે ખૂબ જ મોટા પ્રમાણમાં ખાટાં ફળોનો ઉપયોગ થઈ રહ્યો છે, જે જરૂરી નથી. કોરોના એ મુખ્યત્વે કફ અને શ્વાસ સાથે જોડાયેલો છે. વધુ પડતાં ખાટાં ફળોનો ઉપયોગ કફને વધારીને રોગને ગંભીર પરિસ્થિતિ તરફ લઈ જઈ શકે છે. કોઈપણ પ્રકારના સલાડ અથવા કાચો ખોરાક સંક્રમણ દરમ્યાન મદદરૂપ નથી થતા. તીખું, તળેલું, તેલવાળું, આથાવાળું, મેંદો, ભારે ખોરાક, મીઠાઈઓ, વાસી ખોરાક ખૂબ જ નુકસાન કરી શકે છે.

તમે કોઈપણ પ્રકારની ચિકિત્સા લેતા હો, પણ ખોરાક આવો સાદો જ લેવાનો છે. આહાર એ આપણું મુખ્ય ઔષધ છે અને તેનું પાલન કોઈપણ પેથીની દવા લેતા દર્દીઓએ કરવું જરૂરી છે. ભુજમાં લાયન્સ હૉલ, હોસ્પિટલ રોડ ખાતે અને ગાંધીધામમાં શિવ મંદિર, લીલાશાહ ખાતે આયુર્વેદની નિઃશુલ્ક ઓપીડી ચાલી રહી છે અને ત્યાં કોવિડ-૧૯ માટે ચિકિત્સા ઉપલબ્ધ છે. સાથે જ આહાર-વિહાર માટે જરૂરી માર્ગદર્શન પણ મળી રહે છે. ચિકિત્સામાં ખોરાક એ અગત્યનો ભાગ છે અને તે કદી પણ ભૂલી ન શકાય. કોવિડ-૧૯ને પણ તે લાગુ પડે છે અને આહાર-વિહારનાં માર્ગદર્શન સાથેની સચોટ ચિકિત્સા તમને આયુર્વેદ આપે છે.

# જૈન જાગૃતિ સેન્ટર-માંડવી (લેડીઝ વીંગ)

'આંતરરાષ્ટ્રીય મહિલા દિન' નિમિતે જૈન જાગૃતિ સેન્ટર, માંડવી ની મહિલાઓ દ્વારા સૌ પ્રથમ વખત સમસ્ત જૈન સમાજની મહિલાઓ માટે ઉજવણીનું આયોજન કરવામાં આવેલ હતું. પ્રશ્નોતરી તથા હાઉઝી ગેમ્સનું આયોજન કરવામાં આવેલ હતું. માંડવીના ફિઝિયોથેરપિસ્ટ શ્રીમતિ ડો. કિંજલબેન શાહ દ્વારા 'મહિલાઓમાં ફિઝિકલ સ્ટ્રેન્થ' એ વિષય પર વક્તવ્ય આપતાં કહ્યું સરળ શૈલીમાં સમજણ આપેલ તથા કેવી રીતે ઘર પર રહીને કેવી કસરતો કરવી તે ડેમો દ્વારા શીખવાડેલ. ખાંડ, મેંદો, આથાવાળી વસ્તુઓ જેવી ખાવા પીવાની આદતો પર કન્ટ્રોલ કરી રેગ્યુલર કસરત કરવાથી મહિલાઓની રોજબરોજની જીંદગી પીડા મુક્ત થઈ શકે છે. બીજા વક્તા શિક્ષણશાસ્ત્રી તથા ચાઈલ્ડ સાયકોલોજીના માસ્ટર શ્રીમતિ બિંદીયાબેન ચંદવાણી એ 'મહિલાઓ અને બાળ ઉછેર' એ વિષય પર પોતાના ક્ષેત્રમાં ૨૨ વર્ષના અનુભવનો નિચોડ ઠાલવતાં જણાવેલ કે, જેમ કોઈપણ ફળ તેની સિઝન આવે ત્યારે ઝાડ પર પાકે તો તે ખૂબ મીઠું હોય છે તેમ બાળકો પણ તેની ઉમર પ્રમાણે વિકાસ પામે તોજ તે સક્ષમ બને છે. આજે આપણે એકથી બે બાળકો હોવાને કારણે તેની દરેક જીદ પુરી કરીએ છીએ જે વ્યાજબી નથી. અમુક બીનજરૂરી વસ્તુઓ વિના કે વિપરીત પરિસ્થિતિનો સામનો કરતાં શીખવાડશો તોજ બાળકોનો સંપૂર્ણ વિકાસ થશે. એક માં તથા મહિલા તરીકે આપણાં વાઈબ્રેશન્સની પણ બાળકો ઉપર અસર પડે છે જેથી હંમેશા 'પોઝીટીવ વાઈબ્રેશન્સ' રાખવાં. ખાસ રસોઈ બનાવતી વખતે આ વાતનું ધ્યાન રાખવું કેમકે તેની અસર આખા પરિવાર પર પડે છે.

# जेजेसी उदयपूर

## जैन जागृती सेन्टर उदयपूर एवं भारतीय जैन संघटना के संयुक्त तत्वावधान में

सकल जैन समाज के कोरोनाग्रस्त होम क्वेरंटाईन स्वधर्मी परिवारों के लिए

**नि:शुल्क टिफिन डिलीवरी व्यवस्था सुबह और शामकी की गई है।**

घर जैसे शुद्ध-सात्विक भोजन हेतु किया गया है। तो उसके लिए जेजेसी सेन्ट्रल बोर्ड आपका प्रमुख और कमिटी मेम्बर्स को धन्यवाद देते है।

## લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

### યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | રાઘવ ડી. ત્રિવેદી, ૧૫-૨-૧૯૯૨, ૬-૧'<br>B.Com., | બ્રાહ્મણ<br>મીરારોડ | (મો) ૮૮૫૦૩૭૬૦૦૭<br>(મો) ૯૮૬૭૮૦૮૭૨૭ |
| ૨) | નીમેષ એસ. શાહ, ૧૨-૩-૧૯૯૧,<br>B.Com., | જૈન<br>વિરાર | (મો) ૮૪૪૬૫૧૧૮૨૩<br>(મો) ૯૮૬૭૮૦૮૭૨૭ |
| ૩) | પારસ કાંતીલાલ શાહ, ૧૫-૧૦-૧૯૮૨,<br>B.Com., Innocent Divorce | જૈન<br>વાશી | (મો) ૮૭૭૯૫૬૮૭૨૫<br>(મો) ૯૮૬૭૮૦૮૭૨૭ |
| ૪) | પારસ વી. શાહ, ૬-૧૧-૧૯૮૮,<br>C.A. | જૈન<br>મુલુંડ | (મો) ૯૯૬૯૯૮૪૦૮૬<br>(મો) ૯૮૬૭૮૦૮૭૨૭ |
| ૫) | ચીંતન એ. શાહ, ૧૧-૧-૧૯૮૪,<br>B.Com. | જૈન<br>ઘાટકોપર | (મો) ૯૬૧૯૬૫૩૭૪૨<br>(મો) ૯૮૬૭૮૦૮૭૨૭ |
| ૬) | સાગર સંતોષ શાહ, ૨૭-૧૦-૧૯૯૩<br>M.Com. Service, Graphic Designer | દશાશ્રીમાળી સ્થા. જૈન<br>મૂળી- બોરીવલી | (મો) ૮૯૬૨૩૯૮૭૦૦<br>(મો) ૯૮૨૬૭૭૨૭૬૫ |
| ૭) | તેજસ ચંદ્રકાંત ટીંબડીયા ૨૫-૮-૧૯૮૨,<br>S.S.C | દશાશ્રીમાળી સ્થા. જૈન<br>બીલખા(જુનાગઢ) વસઈ | (મો) ૯૩૨૧૨૨૯૯૭૮<br>(મો) ૯૩૨૩૧૭૯૧૦૦ |
| ૮) | વિશાલ યશવંત મહેતા,૧૩-૪-૧૯૮૬, ૫-૮'<br>B.Com., Software Diploma (નિર્દોષ છુટાછેડા-સંતાન નથી | કાઠીયાવાડી દશા.સ્થા. જૈન<br>જોડિયા-અડાલજ | (મો) ૯૩૩૦૧૭૭૭૮૫<br>(મો) ૯૮૩૬૮૪૭૦૮૪ |
| ૯) | હર્ષીત સુધીરભાઈ શાહ, ૧૩-૯-૧૯૯૩, ૬-૦'<br>B.Tech(Chemical Engineer) | દશા સ્થા. જૈન<br>લખતર - વલસાડ | (મો) ૯૮૨૫૭૮૧૭૫૩<br>(મો) ૭૩૮૩૩૩૫૦૨૫ |
| ૧૦) | હાર્દિક કામદાર, ૨૧-૧૨-૧૯૯૪<br>B.Com., | કાઠિયાવાડી સ્થા. જૈન<br>સુરત | (મો) ૮૭૬૭૫૧૨૫૧૩<br>(મો) ૯૭૬૮૮૬૪૯૦૦ |

### યુવતી

| | | | |
|---|---|---|---|
| ૧) | અવની જે. ગગલાણી, ૧૬-૧-૧૯૮૯, -<br>B.Com. | વૈષ્ણવ<br>કાંદિવલી | (મો) ૮૦૯૭૪૬૦૩૪૯<br>(મો) ૯૮૬૭૮૦૮૭૨૭ |
| ૨) | ચાંદની એસ. દોશી, ૧૭-૭-૧૯૯૫, -<br>B.Com. | વૈષ્ણવ<br>ઘાટકોપર | (મો) ૯૮૯૨૭૯૦૩૩૪<br>(મો) ૯૮૬૭૮૦૮૭૨૭ |
| ૩) | મીચોલી જતીન શાહ, ૧૬-૧૧-૧૯૮૭, -<br>M.Com. | વૈષ્ણવ<br>ઘાટકોપર | (ઘર) ૦૨૨-૨૧૦૨૧૮૮૮<br>(મો) ૯૮૬૭૮૦૮૭૨૭ |
| ૪) | ઋજુતા કેતન શાહ, ૪-૧-૧૯૯૭, ૫'-૫''<br>Bachelors in Financial Mkts | ઘોઘારી વિસા ઓસ.દેરાવાસી જૈન<br>માટુંગા | (ઘર) ૦૨૨-૨૪૧૪૦૩૩૧<br>(મો) ૯૩૨૨૨૬૨૪૦૯ |

# JJC

NORTH EAST • NORTH WEST • GEM JAGDUSHA • ROYAL JAGDUSHA • CHEMBUR • LADIES WING MUMBAI EAST

D. D. Rashtriya Shala Compound, Hingwala Lane, GHATKOPAR (East), Mumbai - 400075.
Tel.: 2501 0420 / 9819862645 / 9820020796

# FREE Oxygen Cylinders for COVID Patients

supported by : **NITIN SANGHVI**





*Doccuments Required:*
**COVID Report, Patient's AADHAR Card**
**Doctor's Presciption** + Nominal Deposit (Refundat

Ad Art : 9820101242

## Also : SANETIZER MACHINE SERVICE for Society Premises



જેજેસી સેન્ટર્સ દ્વારા આયોજિત,
નિતીનભાઈ સંઘવીના સહયોગથી
'કોવિડ' દર્દીઓ માટે નિઃશુલ્ક
ઓક્સિજન સિલિન્ડર મળી શકશે

આવશ્યકતા અનુસાર ઓક્સિજન સિલિન્ડર ઘર સુધી પહોંચાડીશું (માત્ર ઘાટકોપરમાં જ)

ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા કમ્પાઉન્ડ, હિંગવાલા લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૭૫.
ફોન : ૨૫૦૧ ૦૪૨૦ / ૯૮૧૯૮૬૨૬૪૫ / ૯૮૨૦૦૨૦૭૯૬

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26 Every Month
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2019-2021

**न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः।**
**अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे।।**

आत्मा न कभी पैदा होता है और न कभी मरता है !
वह तो अजन्मतु, अन्तहीन, शाश्वत, सनातन और अमर है।

**1st Death Anniversary**



## SHRI KESHAVJI UMARSHI CHHADVA

**(10.11.1930 - 11.04.2020)**

**Ex Chairman/ Trustee : Bhavna Trust School & Degree College**
**Ex Chairman/ Trustee : Shah & Anchor Kutchi Polytechnic & Engineering College - Chembur**
**Ex Trustee : Shree Rushabhdev Jain Temple - Chembur**

CHHADVA

**M/s. Chhadva Developers**
**Chembur**

Ad Art

Printed & Published by : **PRAFUL V. KAMDAR** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **CHANDRAKANT F. SHAH**